[A-3] Seat No : ____________ No. of Pages: 2

# SARDAR PATEL UNIVERSITY

**F. Y. B.A. Examination**
**Wednesday, 4th May, 2016**
**10.30 am – 1.30 pm**
**GUJ-100**
**Gujarati Compulsory**
**(૧) 'પૂર્વાલાપ' (૨) પાદરના તીરથ**

**કુલ ગુણઃ ૧૦૦**

**સૂચનાઃ** જમણી બાજુ દર્શાવેલ આંકડા ગુણ દર્શાવે છે.

પ્ર.૧ નીચેનામાંથી **ગમે તે એક** વિશે નિબંધ લખો. (૨૦)

(૧) મારો પ્રિય સર્જક
(૨) મારા સ્વપ્નનું ભારત
(૩) માનવજીવનમાં તહેવારોનું મહત્ત્વ
(૪) ભારતની વર્તમાન રાજકીય પરિસ્થિતિ

પ્ર.૨ નીચેના ગદ્યખંડનું સારાંશ લેખન કરો. (૨૦)

આપણે માણસ છીએ તે કેવળ આપણી શૂદ્ર વાસનાને ઇચ્છાઓ પૂરી કરીને દેહને સુખી કરવા માટે નથી. પણ માનવધર્મથી વર્તીને બધાંને સુખી થયેલા જોવા માટે છે. એટલા માટે જ આપણે નિર્દોષ અને ગુણ સંપન્ન થવાની જરૂર છે. નિર્દોષતા વગર સદ્‌ગુણોનો પ્રભાવ પડતો નથી. સદ્‌ગુણી એનો અર્થ એ જ કે બીજાઓ સાથે સમરસ થઇને તેમનાં સુખદુઃખનો વિચાર કરવો, પોતે દુઃખ અને મુસીબતો સહન કરીને બીજાઓને સુખી કરવાનો પ્રયત્ન કરવો, સૌની સાથે સહાનુભૂતિપૂર્વક વર્તવું. આમ કરવાથી જ આપણા આત્મ ભાવોનો વિકાસ થાય છે. કૌટુંબિક, સામાજીક રાષ્ટ્રીય દરેક ક્ષેત્રમાં જયાં જયાં બીજાઓ સાથે આપણો સંબંધ થાય ત્યાં ત્યાં આપણા સદ્‌ગુણોને કારણે આપણો આત્માભાવ વિકસિત થતો રહેવો જોઇએ. તે આત્મભાવમાં જ સુખનો ભંડાર છે. માનવજીવન આ સર્વશ્રેષ્ઠ સુખ માટે જ છે. આમાં જ માણસની પરમોન્નતિ છે.

- કેદારનાથ

**અથવા**

પ્ર.૨ ઉપરનો ગદ્યખંડ વાંચી નીચે પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) આપણે નિર્દોષ અને ગુણસંપન્ન થવાની આવશ્યકતા શા કારણે છે ?
(૨) સદ્‌ગુણી કેવી રીતે થઇ શકાય ?
(૩) લેખકની દ્દષ્ટિએ સર્વશ્રેષ્ઠ સુખ શેમાં સામચેલું છે ? શાથી ?
(૪) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

પ્ર.૩ 'પાદરના તીરથ' નવલકથાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. (૨૦)

**અથવા**

પ્ર.૩ નીચેના વિશે નોંધ લખો.

(૧) 'પાદરના તીરથ' શીર્ષકની યથાર્થતા

(૨) ડૉ. નગીનદાસનું પાત્રાલેખન

પ્ર.૪ 'પૂર્વાલાપ' ના અભ્યાસનિયત પ્રકૃત્તિ કાવ્યોની સમીક્ષા કરો. (૨૦)

**અથવા**

પ્ર.૪ નીચેના કાવ્યોનું રસદર્શન કરો.

(૧) સાગર અને શશી

(૨) વસંત વિજય

પ્ર.૫ અભ્યાસનિયત પાઠયપુસ્તક રહી ન જાય એ રીતે નીચેનામાંથી **કોઈપણ ચાર** પ્રશ્નોના ટૂંકા મુદ્દાસર જવાબ આપો. (૨૦)

(૧) માસ્તર ધીમે પગલે બંગલી તરફ વળે છે ત્યારે શું થયેલું જુવે છે ?

(૨) હિટલરના જીવનમાં શું બન્યું હતું ? જેના કારણે તે ગાંડો થઈ ગયો હતો.

(૩) અંબાલાલ વકીલને ફોજદાર કેદમાંથી શા માટે મુકત કરે છે ?

(૪) જગદીશને છોડાવવા માટેના નગીનદાસના વિચારો સાથે પશીમાં કેમ સહમત થતા નથી ?

(૫) સહદેવ ત્રિકાલજ્ઞાની હોવા છતાં કેમ દુઃખી થતો જણાય છે?

(૬) 'દેવયાની'માં અનાદર પામેલી દેવયાની કેવો મનોભાવ અનુભવે છે ?

(૭) 'વસંતપ્રાર્થના' કાવ્યમાં કવિ વસંતને શી પ્રાર્થના કરે છે ?

(૮) 'ચક્રવાકમિથુન' કાવ્યમાં ચક્રવાકી ચક્રવાક સમક્ષ કયો પ્રસ્તાવ મૂકે છે ? શા માટે ?

☺☺☺